## તારાંકિત પ્રશ્ન ક્રમાંક –૧૫/૩/૩૫૮

# અગ્રતા ક્રમ –૨૦

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૦૫/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :– સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– શ્રી અમિતભાઇ શાહ (એલિસબ્રીજ)**

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## સરકારી આંખની હોસ્પિટલ, અમદાવાદ ખાતે સારવાર

* **15/4/358 શ્રી અમીત શાહ** (એલીસબ્રીજ)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સરકારી આંખની હોસ્પિટલ, અમદાવાદ ખાતે આંખની કઈ કઈ સારવાર ઉપલબ્ધ છે, અને | (૧) | સરકારી આંખની હોસ્પિટલ, અમદાવાદ ખાતે તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પડદાના રોગો, ઝામર, કીકીના રોગો, ત્રાસી આંખ, ઓક્યુલોપ્લાસ્ટી તથા બાળકોના આંખના રોગોની સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંખની હોસ્પિટલ ખાતે આંખના કેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી? | (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તપાસ કરવામાં આવેલ દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે: |

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦૨૨ | ૧,૪૨,૦૦૧ |
| ૨૦૨૩ | ૧,૭૦,૭૯૫ |

# પુરક નોંધ

**સરકારી આંખની હોસ્પિટલ, અમદાવાદ ખાતે સારવાર**

સરકારી આંખની હોસ્પિટલ, અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨માં ૩૯૩૪ તથા વર્ષ ૨૦૨૩માં ૩૬૩૨ મોતિયાના ઓપરેશન કરવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૨૨માં ૧૭૫ તથા વર્ષ ૨૦૨૩માં ૨૨૧ ઝામરના દર્દીઓના ઓપરેશન કરવામાં આવેલ છે. તદઉપરાંત હોસ્પિટલ ખાતે વર્ષ ૨૦૨૨માં ૨૬૮ અને વર્ષ ૨૦૨૩માં ૧૫૪ ત્રાસી આંખના દર્દીઓના ઓપરેશન કરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૨માં ૭૫૫ અને વર્ષ ૨૦૨૩માં ૭૦૬ દર્દીઓના પડદાના ઓપરેશન કરવામાં આવેલ છે.

સરકારી આંખની હોસ્પિટલ, અમદાવાદ ખાતે બાળકો માટે મોતિયો, ઝામર, ઢળેલી પાપણ, વેલ, પડદા, ત્રાસી આંખ, કીકી પ્રત્યારોપણ, કૃત્રિમ ચામડીના પ્રત્યારોપણ, લેસરથી કીકીનો આકાર બદલવા, કીકી પ્રત્યારોપિત કરી મોતિયાનું ઓપરેશન(કૃત્રિમ લેન્સ) જેવી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. દરમિયાન વર્ષ ૨૦૨૨માં ૮૫૧ અને વર્ષ ૨૦૨૩માં ૧૧૭૧ બાળકોનાં આંખના ઓપરેશન કરવામાં આવેલ છે.

આમ, સરકારી આંખની હોસ્પિટલ, અમદાવાદ ખાતે વિવિધ પ્રકારની સારવાર ઉપલબ્ધ છે.

અધિક નિયામક
તબીબી શિક્ષણ અને સંશોધન

ગાંધીનગર

# પેટા પ્રશ્નો

**અગ્રતા ક્રમ :** ૨૦

**પ્રશ્ન ક્રમાંક :** ૧૫/૩/૩૫૮

**તા.૦૫/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી :** **શ્રી અમિતભાઈ શાહ (એલિસબ્રીજ)**

**પ્રશ્ન:- સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે સારવાર**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે આંખની કઈ કઈ સારવાર આપવામાં આવે છે? સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ તથા વર્ષ ૨૦૨૩માં આંખના કેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી? | શ્રી અમિતભાઈ શાહ, એલિસબ્રીજ |

| | | |
|---|---|---|
| ૨ | સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ માં પડદાના કેટલા ઓપરેશન કરવામાં આવ્યા? સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ માં ઝામરના કેટલા ઓપરેશન કરવામાં આવ્યા? | શ્રી દિનેશભાઇ કુશવાહ, બાપુનગર |
| 3 | સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ માં ત્રાસી આંખના કેટલા ઓપરેશન કરવામાં આવ્યા? સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ માં મોતિયાના કેટલા ઓપરેશન કરવામાં આવ્યા? | ડૉ. હસમુખભાઇ પટેલ, અમરાઇવાડી |

**અગ્રતા ક્રમાંક–૨૦**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૩૫૮**
**આરોગ્ય વિભાગ**
**તા.૦૫/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન : ૧ (શ્રી અમિતભાઇ શાહ, એલિસબ્રીજ)**

- **સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે આંખની કઈ કઈ સારવાર આપવામાં આવે છે? સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ તથા વર્ષ ૨૦૨૩માં આંખના કેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી?**

જવાબ :

- સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે આંખની હોસ્પિટલમાં પડદાના રોગો જામર કીકીના રોગો ત્રાસી આંખના તથા બાળકોના આંખના રોગોની સારવાર આપવામાં આવે છે.
- વર્ષ–૨૦૨૨માં સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે ૧,૪૨,૦૦૧ તથા વર્ષ ૨૦૨૩ માં ૧,૭૦,૭૯૫ આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી.

## પેટા પ્રશ્ન : ૨ (શ્રી દિનેશભાઈ કુશવાહ, બાપુનગર)

- **સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ માં પડદાના કેટલા ઓપરેશન કરવામાં આવ્યા? સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ માં ઝામરના કેટલા ઓપરેશન કરવામાં આવ્યા?**

**જવાબ :**

- વર્ષ–૨૦૨૨ માં પડદાના કુલ–૭૫૫ ઓપરેશન કરવામાં આવ્યા.
- વર્ષ–૨૦૨૨ માં ઝામરના કુલ–૧૭૫ ઓપરેશન કરવામાં આવ્યા.

## પેટા પ્રશ્ન : ૩ (ડૉ. હસમુખભાઇ પટેલ, અમરાઈવાડી)

- **સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ માં ત્રાસી આંખના કેટલા ઓપરેશન કરવામાં આવ્યા? સરકારી આંખની હોસ્પિટલ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૨ માં મોતિયાના કેટલા ઓપરેશન કરવામાં આવ્યા?**

**જવાબ :**

- વર્ષ–૨૦૨૨ માં ત્રાસી આંખના કુલ–૨૬૮ ઓપરેશન કરવામાં આવ્યા.
- વર્ષ–૨૦૨૨ માં મોતિયાના કુલ–૩૯૩૪ ઓપરેશન કરવામાં આવ્યા.